૪, ઓગષ્ટ, ૨૦૨૨

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઓખા–નાથદ્વારા–ઓખા ટ્રેન પ્રવર્તમાન રૂટ મુજબ ચલાવવા વેસ્ટર્ન રેલ્વે મુંબઈ–જનરલ મેનેજરશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

રેલ્વે ડિપાર્ટમેન્ટ દ્વારા ઓખા–નાથદ્વારા–ઓખા ટ્રેન નવા રૂટ માટે તા.૧૧–૮–૨૦૨૨ થી વાયા અમદાવાદ–છાયાપુરી–રતલામ દોડાવવાનું નકિક કરેલ છે. આ બાબતે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વેસ્ટર્ન રેલ્વે મુંબઈ–જનરલ મેનેજરશ્રી સમક્ષ ધ્યાને મુકેલ વિગત મુજબ હાલમાં ઓખા–નાથદ્વારા વચ્ચે પ્રવર્તમાન ટ્રનરેક્ષ અમદાવાદ થી વાયા હિંમતનગર–ઉદયપુર થઈને ત્યાં પહોંચે છે. રેલ્વે દ્વારા સ્થાપીત નવા રૂટનાં કિલોમીટર આશરે ૧૧૨૦ થવા પામે છે. જયારે હાલના પ્રવર્તમાન રૂટ મુજબ કિલોમીટર આશરે ૮૪૦ થાય છે. આ રીતે ઓખા થી નાથદ્વારા મુસાફરી કરવા ઈચ્છતા પેસેન્જરોને આશરે ૨૮૦ કિલોમીટર જેટલું વધારાનું નવા રૂટ પર અંતર કાપવાનું થાય છે. જેને કારણે સમયનો વ્યય અને ટિકીટ ભાડામાં પણ વધારો જોવા મળે છે. તેથી આ ટ્રેનને પ્રવર્તમાન રૂટ ઉપર જ ચલાવવી જોઈએ.

વધુમાં રાજકોટ–હિંમતનગર–ઉદયપુર રૂટ પર આવતા શામળાજી અને ઉદયપુર સૌરાષ્ટ્રની જનતા માટે ખુબ જ અગત્યના ધાર્મીક અને ઐતિહાસીક સ્થળ હોવાને કારણે નવા રૂટ ઉપર ટ્રેન દોડાવવામાં આવે તો પેસેન્જરો આ સ્થળોના લાભથી વંચિત રહી જશે. જેથી સમગ્ર બિઝનેશ કોમ્યુનીટી અને પેસેન્જરોના વિશાળ હીતને ધ્યાનમાં રાખી ઓખા–નાથદ્વારા–ઓખા ટ્રેનનો રૂટ પ્રવર્તમાન મુજબ રાખવા તેમજ વધારામાં રેલ્વે ડિપાર્ટમેન્ટ વાયા છાયાપરુી–રતલામ રૂટ ઉપર અઠવાડીયે બે થી ત્રણ વખત ટ્રેન દોડાવવા રજુઆત કરાયેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.